# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 14-05-2026** **EVENING: 7.50 TO 8.00**

**DAY :THURSDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં બ્રિક્સ દેશના વિદેશમંત્રીઓ સાથે મુલાકાત કરી

2) વિદેશ મંત્રી ડૉ. જયશંકરે કહ્યું, વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને આર્થિક પડકારો વચ્ચે બ્રિક્સ સર્જનાત્મક ભૂમિકા ભજવી શકે છે.

3) નીટ પરીક્ષા ગેરરીતિ મામલે C.B.I.એ વધુ બે લોકોની ધરપકડ કરી.

4) 16 રાજ્ય અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશમાં S.I.R. પ્રક્રિયાના ત્રીજા તબક્કાની કામગીરી કરવા કેન્દ્રીય ચૂંટણી પંચની જાહેરાત.

5) ચીન સાથે વેપાર અને રોકાણની તકનું વિસ્તરણ કરવા અમેરિકા ઉત્સુક – ચીનના પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન.

6) ગુજરાતમાં યોજાયેલી એશિયન સિનિયર વેઇટલિફ્ટિંગ સ્પર્ધામાં ભારતીય ખેલાડી અજિત નારાયણે કાંસ્ય ચંદ્રક જીત્યો.

.....................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે **સવારે 7 વાગીને 10 મિનિટે** પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE BRICS FM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં બ્રિક્સ દેશના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લઈ રહેલા વિદેશમંત્રીઓ સાથે મુલાકાત કરી. આ પહેલા પ્રારંભિક સંબોધનમાં વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે કહ્યું, શાંતિ અને સુરક્ષા વૈશ્વિક અર્થતંત્રના કેન્દ્રમાં છે. વર્તમાન સંઘર્ષે સંવાદ અને રાજદ્વારીના મહત્વને વધારી દીધું છે. શ્રી જયશંકરે એ વાત પર પણ ભાર આપ્યો કે, વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને આર્થિક પડકારો વચ્ચે બ્રિક્સ સર્જનાત્મક ભૂમિકા ભજવી શકે છે.

**(BYTE: DR. S. JAISHANKAR, FOREIGN MINISTER)**

ઉલ્લેખનીય છે કે, સ્થિતિ-સ્થાપકતા, નવિનતા, સહકાર અને સ્થિરતાનું નિર્માણના વિષય હેઠળ યોજાયેલી આ બેઠક પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના બ્રિક્સ માટે માનવતાને પ્રાથમિકતા આપવા અને લોક કેન્દ્રીત દ્રષ્ટિકોણથી પ્રેરિત છે.

# PM LAVROV

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. તેમણે ગત ડિસેમ્બરમાં 23-મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે રાષ્ટ્રપ્રમુખ પુતિન અને પ્રધાનમંત્રી મોદીની મુલાકાત બાદથી દ્વિપક્ષીય સહકારમાં થયેલી પ્રગતિ અંગે શ્રી મોદીને માહિતી આપી.

બંને મહાનુભાવોએ યુક્રેન અને પશ્ચિમ એશિયાની સ્થિતિ સહિત પરસ્પર હિતના વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું. પ્રધાનમંત્રીએ સંવાદ અને રાજદ્વારીને આગળ વધારવાનો સર્વોચ્ચ માર્ગ બતાવતા ભારતના સતત વલણનો પુનરોચ્ચાર કર્યો.

શ્રી મોદીએ વિદેશ મંત્રી લાવરોવને રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનને તેમની હાર્દિક શુભકામનાઓ આપવા પણ અનુરોધ કર્યો.

# REV CBI NEET ARREST

કેન્દ્રીય તપાસ સંસ્થા – C.B.I.એ નીટ પરીક્ષા સંબંધિત ગેરરીતિ મામલે વધુ બે લોકોની ધરપકડ કરી. C.B.I.એ ગત 24 કલાકમાં 14 સ્થળ પર દરોડા પાડ્યા. C.B.I.એ જણાવ્યું, અહિલ્યાનગરના ધનંજય લોખંડે અને પુણેના મનીષા વાઘમારેની ધરપકડ કરવામાં આવી છે. અગાઉ આ મામલે જયપુરના ત્રણ, ગુરુગ્રામ અને નાસિકમાંથી એક-એક એમ પાંચ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ તમામ આરોપીને આજે દિલ્હીની અદાલતમાં રજૂ કરાયા. તેમજ તેમને પૂછપરછ માટે સાત દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલાયા છે. જ્યારે અન્ય શંકાસ્પદોની પૂછપરછ ચાલી રહી છે.

નીટ પરીક્ષા ગેરરીતિ મામલે શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા અપાયેલી ફરિયાદના આધારે C.B.I.એ 12 મે-એ તાત્કાલિક કેસ નોંધ્યો છે.

# EVE ECI SIR 3

કેન્દ્રીય ચૂંટણી પંચે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – **S.I.R.** પ્રક્રિયાના ત્રીજા તબક્કાની જાહેરાત કરી. તે અંતર્ગત આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, પંજાબ, સિક્કિમ, ત્રિપુરા, તેલંગાણા અને ઉત્તરાખંડ સહિત 16 રાજ્ય, જ્યારે ચંદીગઢ, દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવ જેવા ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશમાં તબક્કાવાર **S.I.R.** કામગીરી કરાશે.

**S.I.R.** પ્રક્રિયામાં ત્રણ લાખ 94 હજારથી વધુ બૂથ સ્તરના અધિકારીઓ 36 કરોડ 73 લાખ મતદારોના ઘરેઘરે જઈ તેમનો સંપર્ક કરશે. આ કામમાં રાજકીય દળો દ્વારા મતગણતરી તબક્કા દરમિયાન નિયુક્ત કરાયેલા ત્રણ લાખ 42 હજાર બૂથ સ્તરના એજન્ટ પણ મદદ કરશે.

**S.I.R.**ના ત્રીજા તબક્કામાં હિમાચલ પ્રદેશ, જમ્મુ-કશ્મીર તથા લદ્દાખ સિવાય સમગ્ર દેશમાં મતદાર યાદી સુધારણાનું કાર્ય પૂર્ણ કરાશે.

ઉલ્લેખનીય છે કે, મતદાર યાદીની સુધારણા પ્રક્રિયામાં એક મહત્વના પગલા સમાન **S.I.R.**નો ઉદ્દેશ સમગ્ર દેશમાં નવી અને સચોટ મતદાર યાદી સુનિશ્ચિત કરવાનો છે.

# REV KERALAM NEW CM

ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે કેરલમ્-ના નવા મુખ્યમંત્રી તરીકે વી. ડી. સતીશન-ના નામની જાહેરાત કરી. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા કૉંગ્રેસના વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતિમાં કરાયેલી આ જાહેરાત બાદ કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની UDF રાજ્યમાં સરકાર બનાવવાની પ્રક્રિયા શરૂ કરશે. આ સાથે જ મુખ્યમંત્રી પદ માટે ટોચના નેતાઓ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણને લઈ ઘણા દિવસોથી ચાલતી અટકળો પર વિરામ મૂકાયું છે.

UDF-એ કેરલમ્ વિધાનસભા ચૂંટણીમાં બે-તૃતિયાંશથી વધુની બહુમતી મેળવી હતી, પરંતુ વિવિધ કારણોસર તેમના મુખ્યમંત્રી પદના ઉમેદવારનો નિર્ણય નહતું કરી શક્યું.

# INTER MINISTERIAL BRIEFING

સરકારે જણાવ્યું, દેશભરમાં કાચાતેલ, LPG અને પ્રાકૃતિક ગેસની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અસરકારક પગલા લીધા છે. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ અંગે આંતર-મંત્રાલય સ્તરની પત્રકાર પરિષદને સંબોધતાં પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું, દેશભરમાં ઘરેલુ LPG પૂરવઠો યોગ્ય રીતે યથાવત્ છે અને કોઈ પણ વિતરણ કેન્દ્ર પર પૂરવઠાની અછતના કોઈ અહેવાલ નથી.

## (BYTE: SUJATA SHARMA)

બંદર, જહાજ અને જળમાર્ગ સચિવ મુકેશ મંગલે કહ્યું, 20થી વધુ ચાલક દળના સભ્યો સહિત 90 હજાર મેટ્રિક ટનથી વધુનો LPG લઈ આવતા બે જહાજ ગઈકાલે હોર્મૂઝ સામુદ્રધૂનીમાંથી પસાર થયા છે. બંને જહાજ શનિવારે ગુજરાતનાં કંડલા પહોંચી શકે છે

# TRUMP CHINA VISIT

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી ઝિનપિંગે આજે પેચિન્ગમાં સંવાદ કર્યો. વેપાર, ટેક્નોલૉજી અને પ્રાદેશિક સુરક્ષાના તણાવ વચ્ચે બંને નેતાએ મુકાબલાની જગ્યાએ સહકાર પર ભાર આપ્યો. રાષ્ટ્રપ્રમુખ તરીકે બીજા કાર્યકાળ શ્રી ટ્રમ્પનો આ પહેલો ચીન પ્રવાસ હતો.

વ્હાઈટ હાઉસના જણાવ્યા મુજબ, બંને નેતાએ ઉર્જાનો અવિરત પ્રવાહ સુનિશ્ચિત કરવા હોર્મૂઝ સામુદ્રધૂની ખૂલ્લી રહેવી જોઈએ તે અંગે સંમતિ વ્યક્ત કરી. શ્રી ટ્રમ્પ અને રાષ્ટ્રપ્રમુખ શી સાથેની બેઠક લાભદાયી રહી હોવાનું વ્હાઈટ હાઉસે વધુમાં જણાવ્યું.

બેઠક બાદ સભાને સંબોધતા ચીનના રાષ્ટ્રપ્રમુખે મુકાબલાની જગ્યાએ સહકાર વધારવા પર ભારત આપતે કહ્યું, ચીન અને અમેરિકાએ હરીફ નહીં, પણ ભાગીદાર હોવું જોઈએ. તેમણે દ્વિપક્ષીય સંબંધમાં વધુ એક નવા અધ્યાયની શરૂઆતનું આહ્વાન કર્યું.

શ્રી ટ્રમ્પે એટલા જ સકારાત્મક અવાજમાં જવાબ આપતા કહ્યું, અમેરિકા-ચીનના સંબંધ પહેલાથી વધુ સારા થશે. તેમણે કહ્યું, અમેરિકા ચીન સાથે વેપાર અને રોકાણની તકનું વિસ્તરણ કરવા ઉત્સુક છે

# ASIAN SENIOR WEIGHTLIFTING

ભારતીય ખેલાડી અજિત નારાયણે એશિયન સિનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં ક્લિન એન્ડ જર્ક અને પુરુષોની 71 કિલો વજનવર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો. ગુજરાતના ગાંધીનગરમાં યોજાયેલી સ્પર્ધામાં અજિત નારાયણે કુલ 314 કિલો વજન ઉપાડ્યું. આ જ શ્રેણીમાં 351 કિલો વજન ઉપાડીને કોરિયન વોન જૂ રિ-એ સુવર્ણ અને ચીનના જિયાન ચેને 335 કિલો વજન ઉઠાવીને રજત ચંદ્રક જીત્યો

આ સ્પર્ધામાં ચંદ્રક જીતનારા અજિત ત્રીજા ભારતીય ખેલાડી છે. અગાઉ ભારતીય ખેલાડી કોમલ કોહરે સોમવારે મહિલાઓની 48 કિલો વજનવર્ગમાં કાંસ્ય ચંદ્રક જીતીને વિજયી પ્રારંભ કર્યો હતો.

# IBCA SASAN GIR

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, ગુજરાતનું સિંહ સંવર્ધનનું ઉત્કૃષ્ટ રોલ મોડલ વિશ્વ સમક્ષ વન્ય પ્રાણીઓના જતન માટે મુકાશે. ગુજરાતના સાસણગીરમાં આંતરરાષ્ટ્રીય મોટી બિલાડી જોડાણ સંમેલન – IBCAના  સૌપ્રથમ સિંહ સંવર્ધન અંગેના પૂર્વ સંમેલનને સંબોધતા શ્રી યાદવે કહ્યું, આગામી પહેલી અને બીજી જૂને નવી દિલ્હીમાં યોજાનારી IBCAની ભારત યજમાની કરશે. બિગ કેટ એટલે કે, બિલાડી કુળના મુખ્ય પ્રાણીઓ સહિતના પ્રાણીઓના સંરક્ષણ માટે સર્વ હિતધારકોને એક મંચ પર લાવવા IBCAના માધ્યમથી મનોમંથ કરાશે. તેમજ વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે આધારસ્તંભ રૂપ દિલ્હી ડિક્લેરેશન પણ જાહેર કરાશે.

**(BYTE – BHUPENDRA YADAV)**

# MEA OMAN

ભારતે જણાવ્યું, ગઈકાલે ઓમાનના દરિયાકાંઠા પર ભારતીય ધ્વજવાળા જહાજ પર થયેલો હુમલો અસ્વીકાર્ય છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક નિવેદનમાં વાણિજ્યિક જહાજો અને સામાન્ય નાગરિકોને સતત નિશાન બનાવવાની ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું, જહાજ પર સવાર તમામ ભારતીય ચાલક દળના સભ્ય સલામત છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)